# સંગીતનું ઉદ્ભવ સ્થાન

પ્રોફેસર જગદીશચંદ્ર આર. માંછી
(સંસ્કૃત વિભાગ )
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દેવગઢબારિઆ, જિ. દાહોદ

લલિત કલાઓમાં સંગીતનું સ્થાન સર્વોચ્ય છે.તેમાં પણ કંઠ્ય સંગીત સર્વશ્રેષ્ઠ છે. કારણકે તેમાં કલાકાર આત્મનિર્ભર રહે છે. તેને કોઈ પ્રાકૃતિક તત્વની સહાયતા લેવી પડતી નથી. દરેક દેશમાં સંગીતનું આદિ સ્વરૂપ ધર્મ સાથે જોડાયેલુ રહે છે. છતાં પણ ઉત્પતિના વિષયમાં જુદા જુદા દેશો તથા ધર્મસંબંધી વિધ્વનો પરસ્પર વિભિન્ન છે. સાહિત્યમાં સંગીતના જન્મ સંબંધી અનેક રોચક કથાઓ પ્રચલિત છે.ફારસીમાં એક કથા છે કે હરજત મુસા પૈગંબરને એક પત્થર દેખાયો જેવરાયલ નામના એક ફરિસ્તે અચાનક પ્રગટ થઈ તે પત્થર તરફ ઈશારો કરીને પૈગંબરને આદેશ કર્યો કે તે પત્થરને હમેશા પોતાની પાસે રાખે. એક દિવસ પૈગંબર ને ખૂબ તરસ લાગી હતી. અને ક્યાયથી પાણી મળ્યું નહીં ત્યારે તેમણે ખુદાને પ્રાર્થના કરી આ પ્રાર્થનાના ફળ સ્વરૂપ પાણીની ધારા આ પત્થર પર પડવા લાગી તેથી પત્થર સેટ ટુકડાઓમાં વહેચાઈ ગયો. તેથી પાણી ની ધારા પણ સાત શ્રોતમાં વહેચાઈને વહેવા લાગી, આ દરેક ધારાઓનો અવાજ અલગ –અલગ હતો પેંગંબરે આ સાત સ્વરોને યાદ કરી લીધા. તેથી સંગીતના જન્મના સ્વર એક બીજાથી ભિન્ન હતા. કેટલાક લોકોના મત અનુસાર 'કોહકાફ' માં એક પક્ષી છે જે ફારસીમાં' આતિશજન' કહેવાય છે. તેની ચાંચમાં સાત છિદ્ર હોય છે. જે સંગીતના સાત સ્વરોના જનક છે.

આરબના ઈતિહાસકાર 'ઓલાસીનિજમ' ના મત અનુસાર સંગીતની માતા 'બુલબુલ' નામનું પક્ષી હતું તેના સ્વરથી ચતત્કુત થઈને આદિમાનવે તેની ચાહકની પ્રતિકૃતિ સ્વરૂપે સંગીતનો વિકાસ કર્યો સૌ પ્રથમ સ્ત્રીએ સંગીત શીખ્યું કે પુરુષે ? તેની કોઈ સ્પષ્ટતા નથી; ઈતિહાસકાર માને છે કે 'બુલબુલ' ને સંગીતના વાહક સ્વરૂપે ભગવાને મોકલ્યું હતું .

આફ્રિકાના પ્રસિદ્ધ વિદ્વાન ઈફારી તથા સુપ્રસિદ્ધ સંગીતકાર 'રિન્સોબોલ્સ' સંગીતનું ઉદ્ભવ સ્થાન પ્રાણીપ્રવાહના અવાજને માને છે.

મિશ્રના કલા વિશેષજ્ઞ 'ગવાસા'ના મત અનુસાર સંપૂર્ણ પ્રકૃતિ જડ અને ચેતન પદાર્થોની ક્રિયાકલાપના અદભૂત અવાજે સંગીતને જન્મ આપ્યો. જાપાનના શિકોવા 'હુયી' એ સંગીતશાસ્ત્રનો ઈતિહાસ લખતા તેનું જન્મસ્થાન સ્વર્ગ માને છે પૃથ્વી નહીં. 'દિસ્ટેજીસ ઓફ મ્યુજિક' માં જાકોબિલ સંગીતને અનાદિ કહે છે.

મલાયાની પ્રસિદ્ધ કથા છે કે સૃષ્ટિના ઉદ્ભવ સમયે સ્ત્રી પુરુષનો જન્મ થયો. દેવદૂત 'જાવા' તે બન્નેના મિલનને ઈચ્છતા હતા. જેનાથી સૃષ્ટિનો વિસ્તાર થાય. એક દિવસ સ્વપ્નમાં તેમને બંને ના મિલન માટેની વિધિ જોઈ. સ્વપ્ના ટુટવાની સાથે તેમને વૃક્ષની એક શાખા સ્ત્રીના વાળમાં ભરાવી દીધી. તે શાખામાંથી નિકળેલા સંગીતના સાત સૂરોએ તે સ્ત્રીને નૃત્ય કરવા તરફ પ્રેરિત કરી. તે નાચતી પુરુષ તરફ ચાલવા લાગી પુરુષ પાછો હટતો ગયો. સ્ત્રીના વાળમાથી શાખા નીચે

પડી તો 'જાવા' એ સ્વપ્નદેસાનુસાર તે ઉઠાવીને પુરુષના હાથમાં પકડાવી દીધી માદક સંગીતે પુરુષને પણ આનદવિભોર કરી દીધો . સ્ત્રી પુરુષના નૃત્ય કરતાં –કરતાં મધુર મિલનના બિંદુ પર પહોચી ગયા વૃક્ષની તે શાખા 'કિકોલ' કહેવાઈ આ પ્રકારે 'જાવા' ને સંગીતના જન્મદાતા માનવામાં આવે છે.

યુરોપિય વિદ્વાન 'વાલ્ડિવોન' પણ 'ધ ઓરિજિન ઓફ મ્યુજિક ' નામના પુસ્તકમાં સ્ત્રી પુરુષના પરસ્પરના આકર્ષણને સંગીતનું મૂળ કારણ માને છે. ધાર્મિક વિચારધારા અનુસાર બ્રહ્માએ સંગીતને શોધી શિવને પ્રદાન કરી હતી શિવે તેને સરસ્વતી સુધી પહોચાડી વીણા અને પુસ્તકધારિણી સરસ્વતી લાંબા સમયથી સંગીત ,સાહિત્ય અને કલાઓની અધિષ્કાત્રી અને કાર્યભાર સંભાળેછે. આ સંગીતના વિસ્તાર માટે નારદે પ્રસ્થાપિત કરવામાં આવે છે.

ભારતીય સંગીતજ્ઞના મંતવ્યો જુદા રૂપમાં જોવા મળે છે. શ્રી દામોદર પંડિત પોતાના સંગીત દર્પણ ગ્રંથમાં સંગીતની પરંપરાનો વિકાસક્રમ બ્રહ્માથી માનવામાં આવે છે જે મોક્ષ તરફ લઈ જનાર માધ્યમ માનવામાં આવે છે. શ્રી દામોદર પંડિત સંગીતની ઉત્પતિ જુદા જુદા જીવોના સ્વરોમાથી માનવામાં આવે છે. જેમાં મોરથી ષડજ ચાતકથી ઋષભ બકરીથી ગાંધાર કાગડા થી મધ્યમ , કોયલથી પંચમ ,દેડકાથી ધૈવત અને હાથીથી નિષાદ સવારની ઉત્પતિ થઈ.

કેટલાક વિદ્વાન શંખ-નાદને સંગીતનું ઉદ્ભવ સ્થાન માને છે. ભારતીય સંસ્કૃતિનો અતિ પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ માનવામાં આવે છે. આ વૈદિક ઋચાઓના ઉદ્ભવ પૂર્વે સંગીતનો ઉદ્ભવ માનવામાં આવે છે. ભારતમાં પ્રાકૃતિક તત્વોમાથી નીકળતા અવાજને પણ સંગીતના જનક માનવામા આવે છે. જેનો ઉલ્લેખ મનુસ્મૃતિમાં પણ જોવા મળે છે.

સિંધ પ્રદેશની મોહેન -જો- દડો અને હડપ્પા સંસ્કૃતિના ખોદકામ સમયે મળી આવેલી સંગીતની વસ્તુઓને આધારે તે સમયની દ્રવિડ અને સિંધુ જાતિ સમાનરૂપે સંગીત-નૃત્યપ્રેમી હશે તેમ જાણવા મળે છે. મિથક કથાઓમાં સ્પષ્ટ છે કે ૨૧ વીણા વડે નારદે ગંધર્વ, કિન્નર ,અપ્સરાઓ વગેરે સુધી સંગીત પહોચાડ્યું હતું. રામાયણમાં સંગીતનું વિશેષ મહત્વ હતું. રામ ના જન્મ સમયે સંગીત અને નૃત્યનું આયોજન કરવામાં આવ્યું. રાજાના સ્વાગત માટે ગાયન અને નૃત્યનું આયોજન થતું. સમાજમાં ગાયકનો વિશેષ આદર થતો. આજે પણ વાલ્મીકિ રચિત 'રાવનીયમ' નામનો સંગીતનો ગ્રંથ ઉપલબ્ધ છે. નર્મદાનાં કિનારે શિવ-પ્રતિમાની સ્થાપના કરીને રાવણે નૃત્ય અને ગાન કર્યું હતું. વાલ્મીકિ રામાયણ અનુસાર રાવણના મહેલમાં ભેરી, મૃદંગ ,શંખ,પખવાજ, તુરહી,પણવ વગેરે વાધ્હયવાહન થયો હતો. આજે પણ રાજસ્થાનમાં વાધ્યયંત્ર 'રાવણહથ્થો' કહેવાય છે જે તંતુવાધ્ય છે.

લવ અને કુશે પણ સંગીતવિધ્યા પ્રાપ્તકરી હતી રામાયણ સમયનો સમાજ સંગીત પ્રેમી હતો ભેરી, ઘંટ, ડમરુ વગેરેનો પ્રયોગ અવસર પ્રમાણે કરવામાં આવતો હતો. મહાભારતમાં પણ સંગીત અને નૃત્યનો વિકાસ થયો છે. ઈન્દ્રએ અર્જુનને સંગીત શીખવા માટે ઉત્સાહિત કર્યો હતો. ચિત્રસેન ગાંધર્વ પાસેથી નૃત્ય અને ગાયનનું શિક્ષણ મેળવ્યું હતું. વનવાસ સમયે બૃહન્નલા રૂપ ધારણ કરીને વિરાટ રાજાની કન્યાઓને નૃત્ય શીખવ્યું હતું.

મહાભારતમાં શિવ સરસ્વતી, બ્રહ્મર્ષિ , તુંબરું , નારદ હાહા, હુહુ, ગંધર્વ વગેરે સંગીત આચાર્યોભગવદગીતા નો સંગીત સાથે ઊંડો સંબંધ છે. પૌરાણિક સાહિત્ય માં કૃષ્ણને સંગીતજ્ઞ અને સંગીતના પ્રચારક માનવામાં આવે છે. ધીમે ધીમે"સાજાગ" અને "સમજ્જા" પછી યાત્રા ઉદ્યાનક્રીડા જલક્રીડા પુષ્પચયન ઉત્સવ વગેરેમાં નૃત્ય અને સંગીત

બતાવવામાં આવે છે. સંગીત વિલાસ નું એક ઉપકરણ માનવામાં આવે છે.ગુપ્તયુગ સંગીતનો સુવર્ણ યુગ હતો .'સિતાર' નામના વાદ્ય નો ઉદભવ આ યુગ માં થયો હતો. ભારતીય સંગીત આજે પણ ચાલે છે અને તેનો વિસ્તાર અપરિચિત છે.

માર્કન્ડેય પુરાણ ના અધ્યાય-૨૧ નાગરાજ અશ્વતરે સરસ્વતી ની આરાધના કરી અને. સરસ્વતી સ્ત્રોતની રચના કરી. સરસ્વતી એ પ્રસન્ન થઈ ને નાગરાજ ને વરદાન માગવાનું કહ્યું ત્યારે અશ્વતરે કહ્યું કે - મારા ભાઈ કમ્બલ ને મારી સમાન બધા સ્વર અને જ્ઞાન ઉપલબ્ધ થાય સરસ્વતી એ કહ્યું કે-' આજથી તું અને કમ્બલ બન્ને મારી કૃપાથી ઉત્તમ ગાયક બનશો અને સાત સ્વર સપ્તગ્રામ રાગ, સપ્તગીત, સપ્ત મૂર્છાના, ૪૯ તાલ મંદ મધ્યમ તાર ત્રણ સ્વર સમૂહ ચાર પ્રકાર પવતાલ, લયત્રય, યતિત્ર, ચતુર્વિધ આતોધ્ય સ્વર વ્યંજન ની યુક્ત વાણીનું જે પણ સ્વરૂપ છે તે બધું તમને પ્રાપ્ત થાય' આમ કહી ને સરસ્વતી અદૃશ્ય થઇ ગઇ ત્યારે નાગબંધુઓએ પોતાની વીણા વડે પ્રસન્ન કર્યા અને અશ્વત્તરે કહ્યું કે' હે દેવાધિદેવ ! જો તમે પ્રસન્ન હોય તો વરદાન આપો કે ઋતધ્વજની મૃત પત્ની મદાલસા મારી પુત્રી ના રૂપમાં તે જ ઉંમર અને રૂપ માં જન્મ લે અને પૂર્વજન્મની બધી યાદ તેને પ્રાપ્ત થાય. શિવે કહ્યું કે' શ્રાધ્ધયજ્ઞમાં તેને પ્રાપ્ત કરશે'. અને એમ જ થયું નાગરાજે તે સુંદરી ને ગુપ્ત રીતે પોતાના ભવનમાં રાખી.

અધ્યાય - ૨૧માં અશ્વત્તરના કહેવાથી તેમના બન્ને પુત્રો ઋતધ્વજને પાતાળમાં લઈ ગયા. બન્ને એ ગુપ્તવેશ છોડીને પોતાનો વેશ ધારણ કર્યો. રાજકુમાર ઋતધ્વજ સુંદર પાતાળને જોઈને ખુશ થયો ત્યાં બાળક યુવાન વૃદ્ધ બધી જાતિના.સાપ શોભાયમાંન છે. નાગનંદીની તેમની ચારેય બાજુ રમત રમતી ફરે છે. તેનો હાર કુંડલ અત્યંત સુંદર તેની પાસેથી તારાની માળાથી શોંભિત આકાશમંડળની સમાન પાતાળ નગર શોભાયમાન છે. તેના કોઈક કોઈક સ્થાનમાં સંગીતનો અવાજ થાય છે. તેની સાથે વાસળી અને વીણા નો અવાજ સંભળાય છે. મૃદગ વગેરે વાધ્યવિશેષથી તે પ્રતિધ્વનિત છે.

પ્રથમ અધ્યાયમાં વપુ નામની અપ્સરા હિમાલય પર્વત પર તપ કરતાં દુર્વાશામુનિને મોહિત કરવાના ઉપાય સ્વરૂપ જ્યાં દુર્વાશામુનિ નિવાસ કરતાં હતા. તેનાથી એક કોષ માત્ર અંતરે પોતાને પ્રસ્થાપિત કરીને પુસ્કોકિલની જેમ સુંદર અવાજે ગાવા લાગી.દુર્વાશા મુનિ આ ગીત સાંભળી જ્યાં તે વપુ અપ્સરા હતી ત્યાં આશ્ચર્યચકિત થઈને ગયા.

અધ્યાય ૧૭- માં ગર્ગઋષિના કહેવાથી કાર્તવિર્યાર્જુને દત્તાત્રેય ની સેવા કરીને પ્રસન્ન થઈને દત્તાત્રેયની સાથે જે સ્ત્રી છે તેની માયાના સ્વરૂપનું વર્ણન કરે છે. હવે આપ નિષ્પાય છો આ દેવી આખા સંસારની એરણ સ્વરૂપ છે. તે કારણ થી તે પણ નિષ્પાય છે. કાર્તવિર્યના આ પ્રકારના વચનથી ખુબજ સંતુષ્ઠ થઈને દત્તાત્રેયે કાર્તવિર્ય ને વરદાન માગવાનું કહે છે. અને કહે છે કે 'હે રાજન' જે માણસ મારી માળા વગેરેથી સેવા કરે છે. મિષ્ઠાન આપીને લક્ષ્મી સાથે બ્રાહ્મણ ની પુજા સાથે સંગીત, વાસળી અને શંખ સુંદર રીતે વગાડે છે. હુ તેને પુત્ર, સ્ત્રી ,ધન વગેરે પ્રદાન કરીને પરમસંતુષ્ઠ કરું છું.

અધ્યાય 22- જ્યારે અશ્વત્તર પાતળનગરમાં ઋતધ્વજને તેની આંતરિક પ્રીતિનો સંસાર થાય તેવા વરદાનની માંગણી કરવાનું કહેવામાં આવ્યું ત્યારે ઋતધ્વજ કહે છે કે જો તમે ઈચ્છિત વરદાન આપવાનું સમજો છો તો આ વરદાન આપો. કે .મારા અંતરમાં પુણ્ય કર્મના સંસ્કાર કોઈ પણ સમયે દૂર થાય. મારા વિચારમાં સુવર્ણ, મણી, રત્ન, વગેરે વાહન ગૃહ, આસન, સ્ત્રી, અન્નપાન, પુત્ર અનુલેપન તેમજ ગીત સંગીત વગેરે પરસ્પર બધી ઈચ્છિત વસ્તુ આ બધી જ પુણ્યરૂપ વનસ્પતિના ફળ છે.

અધ્યાય ૧૨૪- માં રાજકુમાર અવિક્ષિતના ભામિની સાથેના લગ્ન સમયે ગાંધર્વો ના પુરોહિત તુંબરુએ વિધિ અનુસાર હવન કાર્ય સંપાદન કર્યું. તે સમયે દેવતા, ગંધર્વો એ સંગીત અને અપ્સરાઓ નાચવા લાગી; મેઘને પુષ્પની વર્ષા કરી અને દેવતાઓ વાજા વગાડવા લાગ્યા. જ્યારે ભામિની એ પુત્રને જન્મ આપ્યો ત્યારે ભવિષ્યનું પ્રયોજન સિદ્ધ થવાની આશાએ ગંધર્વોમાં એક મહાઉત્સવ ઊભો થયો. તેમાં કોઈ ગાવા લાગ્યા તો કોઈ મૃદંગ વગાડવા લાગ્યા. ઢોલ અને વાસળી વગાડવા લાગ્યા તે સમયે અપ્સરાઓ નાચવા લાગી અને મેઘ ફુલોનો વરસાદ કરતો કરતો મંદ મંદ અવાજે ગરજવા લાગ્યો" આ પ્રકારે ઉત્સવ મનાયો. આમ માર્કન્ડેય પુરાણમાં જુદા જુદા. અધ્યાયોમાં સંગીતના વર્ણન જોવા મળે છે.

**સંદર્ભ ગ્રંથો**

૧. ભારતીય સંગીતનો ઈતિહાસ- ઉમેશ જોશી.
૨. સંગીત દર્પણ - શ્રી દામોદર પંડિત.
૩. સંગીત રહસ્ય- શ્રીપદ્ બન્ધોપાધ્યાય.
૪. મહાભારત - સભાપર્વ
૫. માર્કન્ડેય પુરાણ- એક પરિશીલન. ડૉ કાંતિભાઈ પ્રજાપતિ.